**<u>સ્પે.દિ.મુ. નં. ૫૮૮/ ૨૦૧૪.</u>**

**<u>વાદીની આંક–૪૦ ની અરજી લગત હુકમ</u>**

(૧) આ કામે વાદી તરફે આંક–૪૦ થી હાલની અરજી રજુ રાખી પ્રતિવાદી નં.૧૧,૧૫, ૧૬,૧૯, ૨૮, ૨૯ અને ૩૪ ના પ્રયત્નો કરતાં સરનામુ મળી આવેલ નથી પરંતુ તેઓ દાવાના સરનામે રહેતા આવેલ છે, પરંતુ બે વાર પ્રયત્ન કરવા છતાં કોર્ટની પ્રોસેસ બજવા દેતા નથી. જેથી દૈનિક વર્તમાન પત્રમાં જાહેર સમન્સ ઈસ્યુ કરવા દાદ માગેલ છે.

(૨) વાદીની હાલની અરજી સંદર્ભે પ્રતિવાદી નં.૩ થી ૭, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૭, ૧૮, ૨૩,૨૬, ૩૨, ૩૩ તરફે આંક–૪૬ થી લેખિત જવાબ રજુ રાખવામાં આવેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૩) વાદી તરફે રજુઆત કરતાં વિ.વ.શ્રી. ગાંધીએ જણાવેલ છે કે, હાલના દાવા અન્વયે પ્રતિવાદી ગેરકાયદેસર કબજેદાર હોવાનુ વાદીનુ કથન છે. તેમજ હાલની અરજી અન્વયે પ્રતિવાદી ને જાહેર સમન્સથી બજવણી અંગેની દાદ માગેલ છે. તેમજ જે પ્રતિવાદીઓને બજવણી થયેલ છે તેઓને ધણા સમય બાદ બજેલ છે. જયારે હાલની અરજીમાં જણાવેલ પ્રતિવાદીઓ પ્રોસેસની બજવણી થવા દેતા નથી અને તેઓનુ છેલ્લુ સરનામુ દાવાના મથાળે જણાવેલ છે તે જ છે. જેથી સી.પી.સી.નો જોગવાઈઓ મુજબ છેલ્લા સરનામે બજવણી થઈ શકે અને જાહેર સમન્સએ છેલ્લો ઉપાય છે. તેમાં બીજા પ્ર

તિવાદીઓને વાંધો લેવાનો કોઈ હકક નથી કે તેઓને જવાબ રજુ કરવાનો પણ કોઈ હકક અધિકાર નથી. હાલની અરજીએ પ્રોસીજરલ ફોરમાલીટી છે તેમજ આંક–૧૧ ની અરજીના હુકમ મુજબ આંક–૨૫ થી સરનામુ જાહેર કરેલ છે જેથી. બજવણી બાકી છે તેવા પ્રતિવાદીઓને બજવણી થઈ શકે તે હેતુથી જાહેર સમન્સથી બજવણી અંગે હુકમ કરવા માટે થતો ખર્ચ વાદી ભરવા તૈયાર હોઈ હાલની અરજી મંજુર રાખવા રજુઆત કરેલ છે.

(૪) પ્રતિવાદી નં.૩ થી ૭, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૭, ૧૮, ૨૩,૨૬, ૩૨, ૩૩ તરફે વિ.વ.શ્રી. જાગીરદાર તેઓની રજુઆત માં જણાવેલ છે કે, વાદીએ અગાઉ આંક–૧૧ થી હાલના પ્રતિવાદી તથા અન્ય પ્રતિવાદીને બજવણી માટે જાહેર સમન્સની અરજી આપેલ જેમાં ના.કોર્ટે હુકમ કરી પ્રતિવાદીઓના પુરેપુરા નામ સરનામા જાહેર કરેથી બેલીફ મારફત બજવણી માટેનો હુકમ કરેલ. વાદીએ દાવા અરજીમાં પ્ર તિવાદીઓના પુરા સરનામા દર્શાવેલ નથી કે વાદીએ હુકમ મુજબ પુરા નામ સરનામા જાહેર કરેલ નથી. તેમજ પ્રોસેસ જોતાં તેમાં નામ સરનામા ઓળખી ન બતાવવાના કારણે પ્રોસેસ પરત આવેલ. તેમજ ત્યાર બાદ કેટલાક પ્રતિવાદીને બજવણી થયેલ તેમજ પ્ર તિવાદી નં.૮ મરણ ગયેલાનો શેરો આવેલ. ત્યાર બાદ વાદીએ અરજી આપી પ્રતિવાદી નં.૮, ૧૪, ૧૨ ને ડીલીટ કરવા અરજી આપેલ અને હુકમ થતાં ડીલીટ કરવામાં આવેલ છે. જેથી વાદીએ બાકી પ્રતિવાદીના નામ સરનામા પુરાપાડેલ નથી જેથી અદાલતના હુકમનુ પાલન વાદીએ કરેલ નથી કે પ્રતિવાદી નં.૨૪ અને ૨૭ ને બજવણી માટે કોઈ કાર્યવાહી કરેલ નથી કે તેઓ માટે પબ્લીક નોટીસ આપવા માગતા નથી. જેથી વાદી કોર્ટની પ્રોસેસનો દુરુપયોગ કરવાનો પ્રયત્ન કરતા હોય તેવા સંજોગોમાં દરેકપક્ષકારને રજુઆત

કરવાનો અધિકાર છે. જેથી વાદી બોનાફાઈડ નથી કે અદાલતના હુકમનુ પાલન કરેલ નહોઈ હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત રજુઆત તથા રેકર્ડ ધ્યાને લેતાં વાદીએ કુલ ૩૬ પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો દાવો કરી જાહેરાત અને કબજા માટે દાવો કરેલ છે. હવે રેકર્ડ જોતાં પ્રતિવાદીને બજવણી માટે નીચે મુજબની હકીકત તારવી શકાય છે.

સૌપ્રથમ આંક–૭ થી પ્રતિવાદીઓને તા.૨૧/૧૦/૧૪ ના રોજની મુદતે હાજર રહેવા પ્રોસેસ કરવામાં આવેલ છે જેમાં બજવણી અધિકારીનો શેરો ધ્યાને લેતાં તે અન્વયે પ્રતિવાદી નં.૩ થી ૬ તથા ૯, ૧૦,૧૨, ૧૩, ૩૦ થી ૩૩, ૩૬ ને બજેલ હોવાનુ જણાય છે અને પ્રતિવાદી નં.૨, ૭, ૮, ૧૧, ૧૪ થી ૨૯ તથા ૩૪, ૩૫ ને કોઈ ઓળખી બતાવતુ નહોવાના કારણે વગર બજે પરત આવેલ છે અને પ્રતિવાદી નં.૧ ની અટક ખોટી હોવા બાબતે શેરો થયેલ છે. ત્યાર બાદની મુદત તા.૨૧/૧૦/૧૪ ના રોજ આંક–૧૦ થી વાદીએ અરજી આપી પ્રતિવાદી નં.૧ ની અટકમાં સુધારો માગેલ જે મંજુર થયેલ તેમજ વાદીએ આંક–૧૧ થી તા.૨૧/૧૦/૧૪ ના રોજ અરજી આપી પ્રતિવાદી નં.૧ , ૨, ૭, ૮, ૧૧, ૧૪ થી ૧૯ તથા ૨૦ થી ૨૯ અને ૩૪ ને જાહેર સમન્સથી બજવણી કરવા અરજી આપેલ જે અન્વયે મારા પુરોગામી ન્યાયાધિશશ્રી એ સાંભળીને તા.૫/૧૨/૧૪ ના રોજ નીચે મુજબનો હુકમ કરેલ હતો.

***"વાદી જે પ્રતિવાદીઓને બાકી પ્રોસેસની બજવણી કરાવવા માગતા હોય તેમના પુરા નામ તથા ધંધા કે રહેઠાણ ની પુરી વિગત રજુ કરેથી તે સરનામે પ્રોસેસ બેલીફ મારફત બજવણી કરવા આથી હુકમ કરવામાં***

***આવે છે ''*** તેમજ આંક–૧૧ ની અરજી પેન્ડિગ હતી તે દરમ્યાન વાદી તરફે તા.૩/૧૧/૧૪ ના રોજ આંક–૧૫ થી વાદી તરફે પ્રતિવાદીનં.૧૪ અને ૨૨ ને ડીલીટ કરવાની અરજી રજુ રાખેલ હતી.

તેમજ વાદીએ તા.૫/૨/૧૫ ના રોજ આંક–૩૮ થી અરજી આધારે પ્રતિવાદીનં.૮, તથા ૨૫ મરણ ગયેલ હોઈ તેઓના વારસોની માહીતી નહોઈ તેઓને ડીલીટ કરવામાં આવેલ છે.

રેકર્ડ જોતાં આંક–૧૧ નો હુકમના કોમ્પ્લાયન્સ સ્વરૂપે વાદી તરફે આંક–૨૫ થી તા.૮/૧/૧૫ ના રોજની અરજી સાથે મ્યુનિ.ટેક્ષબીલ રજુ થયેલ તે અરજી નીચે હુકમ કરેલ જેમાં વાદીએ બજવણી બાકી છે તેવા તમામ પ્રતિવાદીના સરનામા અંગેના પુરાવા રજુ રાખેલ નહી અને રજુ રાખેલ તેમાં નામ ખોટા હોવાનુ પ્રથમદર્શનિય જણાઈ આવતુ હોવાના અવલોકન સાથે તે સિવાયના પ્રતિવાદીને બજવણીનો હુકમ કરેલ હતો. જે મ્યુનિસીપલ બીલ જોતાં તેમાં પ્રતિવાદી નં.૭, ૮,૧૭,૧૮, ૨૦, ૨૧,૨૩,૨૫, ૨૬, ૨૭, ૩૫ સંદર્ભે રજુ રાખેલ હોવાનુ જણાય છે, પરંતુ આંક–૧૧ ના હુકમ મુજબ પ્રતિવાદી નં. ૨, ૧૧, ૧૫, ૧૬, ૧૯, ૨૪, ૨૮, ૨૯, ૩૪ ના નામ સરનામા વાદી રજુ રાખી શકેલ નથી તેવા સંજોગોમાં આંક–૧૧ ની અરજી અન્વયે થયેલ હુકમનુ અંશતઃ પાલન વાદી તરફે થયેલ હોવાનુ જણાય છે. ત્યાર બાદ રેકર્ડ જોતાં તેમજ આંક–૨૭ થી રજુ પ્રોસેસ જોતાં તેમાં પ્રતિવાદી નં.૧, ૭, ૮, ૧૭,૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૫ થી ૨૭, ૩૫ નાઓ ને તા.૩૦/૧/૧૫ ના રોજ હાજર રહેવા થયેલ જેમાં બજવણી અધિકારીનો શેરો ધ્યાને લેતાં તે અન્વયે પ્રતિવાદી નં.૮ મરણ ગયેલ હોવાનો શેરો આવેલ તે સિવાયના અન્ય પ્રતિવાદીને બજવણી થયેલ હોવાનુ જણાય છે.

(૬) આમ ઉપર ચર્ચા કરે તેમ હાલની અરજી અન્વયે વાદીએ પ્રતિવાદી નં.૧૧,૧૫, ૧૬,૧૯, ૨૮, ૨૯ અને ૩૪ ને જાહેર સમન્સની બજવણી અંગે દાદ માગેલ છે, પરંતુ આંક–૧૧ તળે થયેલ હુકમ વિરૂધ્ધ અપીલ કે રીવીઝન થયેલ નથી તેવા સંજોગોમાં તેવો હુકમ અમલમાં છે અને તેવા હુકમ મુજબ વાદીએ સદરહુ પ્રતિવાદી નં.૧૧,૧૫, ૧૬,૧૯, ૨૮, ૨૯ અને ૩૪ ના પુરા સરનામા રજુ રાખેલ નથી તેવા સંજોગોમાં વાદી તરફે આંક–૧૧ તળે થયેલ હુકમનુ પાલન થયેલ હોવાની રજુઆત માની શકાય નહી. એટલુજ નહી, પરંતુ રેકર્ડ જોતાં પ્રતિવાદીનં. ૨ ને બજવણી બાકી હોવા છતાં તે સંદર્ભે વાદી તરફે કોઈ દાદ માગવામાં આવેલ નથી કે બજવણીનો પ્રયત્ન પણ કરવામાં આવેલ નથી. જેથી આંક–૧૧ અન્વયે હાલની અરજીઅન્વયેના પ્રતિવાદી તથા અન્ય પ્રતિવાદીને જાહેર સમન્સની દાદ અન્વયે અત્રેની અદાલત ના હુકમ અન્વયે વાદીએ સરનામા પુરા પાડેથી બેલીફ મારફત બજવણી કરવાનો હુકમ થયેલ હોય તેવા સંજોગોમાં અને તેવા હુકમનુ જયારે વાદી તરફે પાલન કરવામાં આવેલ હોવાનુ જણાતુ નહોય તેવા સંજોગોમાં તે હુકમનો અમલ થયા સિવાય વાદીની હાલની અરજી અન્વયે તેવા પ્રતિવાદીને સીધી જાહેર સમન્સની બજવણી અંગેનો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં સી.પી.સી. ઓર્ડર ૫ રૂલ ૨૦ ની જોગવાઈઓ જોતાં પણ જાહેર સમન્સ થી બજવણી અર્થે રેકર્ડ ઉપરથી અદાલતને પ્ર તિવાદી સમન્સની બજવણી ટાળવા ઈરાદાપુર્વક ટાળવા પ્રયત્ન કરેલ હોવાનો સંતોષ થવો જોઈએ અને માત્ર વાદીના જણાવવા માત્રથી તે હકીકત પુરતી માની શકાય નહી. આમ ઉપરોકત હકીકત તથા સંજોગો ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

વાદીની હાલની અરજી ઉપરોકત સંજોગોમાં હાલના તબકકે આથી નામંજુર રાખવામાં આવે છે. વધુમાં વાદીને આંક–૧૧ની અરજી તળે થયેલ હુકમ અન્વયે બજવણી બાકી પ્રતિવાદીના નામ સરનામા રજુ રાખી તેવા હુકમ મુજબ બજવણી કરવા હુકમ કરવામાં આવે છે.

અરજીનુ ખર્ચ વાદીએ ભોગવવુ.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૧૭ માહે જુન સને. ૨૦૧૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૬/૧૬

**(બાબુભાઈ માધવલાલ પ્રજાપતિ)**

**(GJ00865)**

૧૬મા એડી.સિનિ.સીવીલ જજ,

સુરત.